# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

રડે છે ખેડૂત ખેતીમાં ભાવથી હતાશ છે
વાજબી ભાવે દેવામાં સરકાર નાપાસ છે,
રકાસ વિકાસનો અને તંત્ર છે નાસીપાસ -
ફરે આસપાસ, તપાસનો મુદ્દો કપાસ છે!

## હાઈકુ

છ મહિના માં -
લ્યો! ખૂલી ગઇ પોલ!
ગુલાંટ બાજ!
(પુસ્તક ભરીને 'યુ' ટર્ન)

મતપેટી ની -
રાજકીય કેદમાં -
છે રામલલ્લા!
(મંદિર-મસ્જિદનું રાજકારણ)

## ચિંતન

**ન કુર્યાદાભિ ચારો પ્રવશ્યા દિકુહક ક્રિયમમ્ । લક્ષ્મણેનેન્દ્ર જિત કૃત્યાભિચાર સમયે હતઃ ॥**

ઘણા લોકો 'મેલી વિદ્યા' દ્વારા લોકોને હેરાન પરેશાન કે દુશ્મનીથી વેરની વસૂલાત કરવા મારણ-ઉચ્ચાટન-વશીકરણ-ઇંદ્રજાલ જેવાં કાળા જાદુ ટોના-મેલી વિદ્યાનો સહારો લેતા હોય છે. આ કુકર્મો છે આવાં કૃત્યો કદાપિ કરવાં નહીં.

ઇન્દ્રજિત અજેય યોદ્ધો હતો. કોઇથી પણ ન મરવાનું એને વરદાન હતું એ સ્વબળે કોઇને પણ જીતી શકશે એવું વરદાન હતું. પરંતુ લક્ષ્મણ સાથે યુદ્ધ કરતાં કરતાં એક રાત્રે હવન કરી 'કૃત્યા'ને વશ કરી તેના દ્વારા લક્ષ્મણનું મારવાનું વિચાર્યું બસ આ વિચારથી એણે સ્વબળ-આત્મવિશ્વાસ ગુમાવ્યો અને રાત્રે જયારે હોમ-હવન વિધિ કરતો હતો ત્યારે જ ભગવાન શ્રીરામે લક્ષ્મણને તેનો હવન ધ્વંસ કરી તેના મનોબળનો ભંગ કરી આવવા જવાની સૂચના આપી.

અને બીજે દિવસે જ યુદ્ધમાં તેનો પરાજય થયો. આવા અવિચારી મેલી વિદ્યાના પ્રયોગ કયારે ય પણ કરવા નહીં તેનાં કયારેક 'ઉલ્ટાં' પરિણામ આવે છે.

## સુવિચાર

- પરવાહ નહીં ચાહે ઝમાના કિતના ભી ખિલાફ હો, ચલુંગા ઉસી રાહ પર જો સીધી ઔર સાફ હો... - સરિતા
- આ 'અહં' જ માણસ માત્રની એક મીમા છે - ઝેન કથન
- ચહેરા પર કરચલીઓ પડી ગઇ છે, વાળ સફેદ થઇ ગયા છે છતાં 'તૃષ્ણા' તો તરૂણ થતી જાય છે - રજનીશ
- જે વસ્તુ આનંદ નથી આપતી શકતી તે સુંદર ન જ હોઇ શકે, જે સુંદર ન હોય તે સત્ય પણ ન હોઇ શકે, જયાં સત્ય ન હોય ત્યાં આનંદ પણ ન હોય, જયા આનંદ છે, ત્યાં જ સત્ય છે - પ્રેમચંદ
- શાંતિથી ક્રોધનો નાશ કરો, નમ્રતાથી અભિમાનને જીતો, સરળતાથી માયાનો નાશ કરો, અને સંતોષથી લાભને કાબુમાં રાખો - જનકલ્યાણ
- પરોપકાર, દિલથી સેવા વગેરે કર્તવ્ય નથી... એ તો એક એવો આનંદ છે જે આપણા સ્વાસ્થ્ય અને સુખમાં વધારો કરે છે - એસ. ભટ્ટાચાર્ય
- જો તમે તમારી આસપાસ ચારે તરફ ઇશ્વરને જોતાં જોતાં જીંદગી જીવવાનું શરૂ કરો તો પ્રત્યેક પળ પ્રાર્થના છે - સંત ઓગસ્ટીન

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજકાલ નેતાઓ જવાબદારી લેતા જ નથી, રેલ્વે અકસ્માત થાય તો જવાબદાર 'સિગ્નલ મેન' હોસ્પિટલમાં ગંભીર ભૂલે 'મૃત્યુઓ' થાય તો ગુન્હેગાર નર્સ જ ઠરે! એ ખાતાંના વડા કે આવા બેદરકાર લોકોને નિમણૂંક આપનારની કોઇ જવાબદારી જ નહીં!!

રસ્તા પર મોટું ઝાડ પડી ગયું હતું થડને કારણે રસ્તો બંધ થઇ ગયો. ત્યાં ૧૫-૨૦ સૈનિકો ભરેલી ટ્રક આવી પણ આગળ જવાય તેમ નો'તુ કેપ્ટને સૈનિકોને ધંધે લાગી જવા સૂચના આપી અને જાતે 'સિગાર' પીવા એક પથ્થર પર બેઠા.

સૈનિકો ખૂબ થાક્યા પણ થડ ચસ્યુ નહીં. ત્યાં એક ઘોડેસ્વાર આવ્યો. એની પાસે કુહાડી હતી. પહેલાં થોડી મોટી મોટી ડાળો કાપી અને પછી જાતે ઘોડાની સાથે રહી સૈનિકોની મદદ કરી. વૃક્ષ-થડ ખસ્યું - રસ્તો ખૂલ્લો થયો.

ઘોડેસ્વાર કેપ્ટન પાસે ગયો અને કહ્યું જો તમે પણ સૈનિકોની મદદમાં રહ્યા હોત તો રસ્તો વહેલો ખૂલ્લો થઇ શક્યો હોત! એણે કહ્યું, એમનો હું કેપ્ટન છું, 'સૈનિક નથી.'

ઘોડે સવાર કહે - 'હવે ફરી જયારે આવી જરૂર પડે ત્યારે તમારા કમાન્ડર ઇન ચીફને મદદ માટે બોલાવજો..'

ઘોડેસ્વારના ગયા પછી સૈનિકોમાંથી કોઇએ કહ્યું એ ઘોડેસ્વાર રાષ્ટ્ર પ્રમુખ જયોર્જ વોશિંગ્ટન હતા..

Email - sureshchandrabhatt18@gmail.com

# શુભ મંગલ 'સાવધાન'..!! લગ્ન પહેલાની જાણવા જેવી સપ્તપદી..!!

## સમયને હાથ જોડ્યા તોય, પાછો કયાં વળે છે, અને માંગ્યા વગર પીડા બધી આવી મળે છે
## હથેળી બંધ છે ને, કાલ પણ એમાં સલામત છે, છતાંય બીક રાખી, આજ કેવી સળવળે છે

છોકરા-છોકરી માટે યોગ્ય પાત્ર ગોતવાની પ્રક્રિયા ચાલતી હોય અને ઘણાં દિવસની રાહ જોયા બાદ એમનું નક્કી થાય. એ હા પાડે, એમની પસંદ નક્કી કરે, અનેક શંકા-કુશંકાના વિઘ્નો પાર કરી છેલ્લે એમને એમનો મનપસંદ જોડીદાર મળી જ જાય...

અને ઘરના બારણે આસાપોલવના તોરણ ઝુલવા લાગે. સોનાના પગલે ઘરે વહુ આવશે અથવા એના નવા ઘરે, સાસરે વળાવશે...

શુભકાર્ય એકવાર નક્કી થાય એટલે આખું ઘર ઉત્સાહથી નાચી ઉઠે છે. પછી ખરીદીની કદી ન પતનારી યાદી. આમંત્રણની દોડધામ, માન-સન્માનની ચર્ચા, લગ્નહોલ, મંડલ, કેટરર, સાજ સજાવટ માટે ડેકોરેટર્સ, મેકઅપ, મહેંદવાળી, ઘોડા-ગાડી-બગી, આતશબાજીનો સામાન, ઉતારાની હોટેલ અને બોલીવુડની કૃપાથી 'સંગીત' સંધ્યા કે પછી ગરબા પાર્ટી બહું પાક્કું થશે... આઠ દિવસની પ્રેક્ટિસમાં ફોઇ-ફુવાથી લઇ દાદા-દાદી અને બચ્ચા પાર્ટી બધાં જ ડાન્સના સ્ટેપ્સ શિખશે અને એના માટે કોરિયોગ્રાફર પણ લાવવામાં આવશે...!!



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

એકબીજા સાથે વિવાહબદ્ધ થઇ નવી જિંદગી શરૂ કરવા ઉત્સુહ યુવાન દંપતીની આર્થિક - સામાજિક - કૌટુંબીક - શૈક્ષણિક અનુરૂપતા તપાસીને જોવાય છે. એકદમ કસીને આ વાતાનું ધ્યાન રખાય છે. એટલે પ્રેમલગ્ન હોય તો પણ અને બંનેએ મળીને નિર્ણય લીધો હોય તો પણ આ ચર્ચા થાય જ છે. આમાં કોઇ ખામી દેખાય તો બંને પક્ષ ચિંતાનું આવરણ આવી જતું હોય છે...

પણ આ બધાંમાં એક વાત છુટી જાય છે. શારીરિક ક્ષમતા અને એમાં રહેલી ઉણપની. ભાવિ વર-વધુની ઊંચાઇ - રંગ અને દેખાવ આ ત્રણ વસ્તુનું મેચિંગ કરી લીધું એટલે પત્યું... શારીરિક વિસંગતતા એ એક ગહન પ્રશ્ન છે. સ્ત્રી-પુરુષના વૈવાહીક સહજીવન પર એનાં ભયંકર પરિણામો આવતો હોય છે...પણ આપણા માના મોટા ભાગના આ વિષયને કયારેય મહત્ત્વનો ગણતાં જ નથી...!!

પંદર દિવસ પહેલાની વાત. એના લગ્નની કંકોત્રી આપવા માટે અભિલાષા ગાયનેકના ક્લિનિક પર ગઇ. અભિલાષા એ ડોકટરની જુની પરિચિય પેશન્ટ. દેખાવડી - હોંશિયાર અને જોતાવેંત ગમે એવી. એક મલ્ટિનેશન કંપનીમાં જોબ મળી ત્યારે પણ ખુબ ઉત્સાહથી એ મળવા ગયેલી. અને અત્યારે તો લગ્નની કંકોત્રી આપવા આવેલી એટલે બેનબા એકદમ જ ખુશખુશાલ હતા...

એના લગ્નની કંકોત્રી એટલે ચાર પાનાની એક નાની ચોપડી જ હતી. એકદમ સરસ, વિવિધ કાર્યક્રમોની માહિતી, ભાણીયા-ભત્રીજાનો ટહૂકો અને 'રાધાકૃષ્ણ'નાં પોટા સાથે સુગંધીત બનાવેલી. આટલી આકર્ષક એટલે મોંઘી પણ હશે જ. વાતવાતમાં ડૉકટરે એના ફિઓન્સ વિશે પુછ્યું. એટલે અભિલાષાએ એનું શિક્ષણ, જોબ સ્ટેટસ અને પગાર એક જ શ્વાસે કહી દીધા. પછી ભવિષ્યનું પ્લાનિંગ, હનીમુન ટૂર, વિદેશ પ્રવાસ અને બંનેના ડ્રીમની વાતો થઇ. એણે એના લેટેસ્ટ મોબાઇલમાં રહેલો એનો ફોટો પણ બતાવ્યો.

ડૉકટરે પુછ્યું, 'બંનેએ લગ્નનું, ગોઠવતા પહેલા, બ્લડ ગ્રુપ મેચ કર્યા કે નહીં? ઘરના વ્યક્તિના શારીરિક - માનસિક સ્વાસ્થ્ય, એમનાં વારસાગત રોગ, સંતતિ વિશે વાતચીત કરી છે ને?' આવો પ્રશ્ન આવશે એવી અપેક્ષા નહોતી, અને આ વાતનું મહત્ત્વ શું હોય એ ખબર પણ નહોતી...!

હજુ એકાદ વર્ષ પહેલા જ અભિલાષાને એક મોટી કંપનીમાં જોબ મળી હતી. ત્યારે કંપનીએ એને જોઇન કરતાં પહેલા બ્લડ ટેસ્ટ, એણે અત્યાર સુધી લીધેલી રસી, એનું વજન, ઊંચાઇ, બ્લડ પ્રેશર અને ઘરના સભ્યોની આરોગ્ય-બિમારીની સંપૂર્ણ માહિતી લીધી હતી. અને એ બધાં ટેસ્ટ માટે અભિલાષા આ ડૉકટર પાસે જ ગઇ હતી... તમને એક કંપની પગાર પરરાખે કે જીવન વીમો લેવડાવે ત્યારે પણ ટેસ્ટ કરાવતા હોય છે અને તમે જયારે જીવનસાથીની પસંદગી કરો ત્યારે એનું બ્લડ ગ્રુપ પણ તમને ખબર ન હોય? આને શું કહેવું? કેટલો વિરોધાભાસ! અને કેટલું અજ્ઞાન!

અર્થાત આ વાત માત્ર અભિલાષાની નહીં પણ એનો થનારો પતિ પણ આટલો જ અજ્ઞાની હતો. આટલું જ શું કામ જે બે જણના લગ્ન થાય છે એમાંથી મોટાભાગની પરિસ્થિતિ આવી જ હોય છે...

લગ્ન સંબંધમાં બંધાનારા વધુ-વર ને કોઇ તકલીફ ન પડે માટે લગ્નનો નિર્ણય લેતા પહેલા ભલી મોટી યાદી તૈયાર હોય છે. એકબીજાના થનાર વ્યવહાર, જાત-પાત-ગોત્ર, જન્મપત્રિકા અને એના મળનારા ગુણ, નાડીદોષ, જવાબદારીની ચર્ચા, ભવિષ્યની સુરક્ષિતતા, જિંદગી સુખમાં જાય એ માટે આવશ્યક ભૌતિક સાધનોની ઉપલબ્ધતા, આ બધી વાતોને રેટીંગ આપીને એ પ્રમાણે જ લગ્ન નક્કી થાય છે!

પતિ-પત્નીના સહજીવનનો પાયો પ્રેમ-વિશ્વાસ-આદર પર ટક્યો છે અને ચોથો પાયો છે શારીરિક અનુરૂપતા. બંને ઘર એકબીજા સાથે જોડાઇ સુખી થાય એ માટે સંવાદ-વિશ્વાસ અને પ્રેમની સાથોસાથ સ્વાસ્થ્યની પારદર્શકતા મહત્ત્વની બાજુ છે. આજે દરેકને કંઇક નાની મોટી શારીરિક ઉપાધિ હોય છે. અમુક નિવારી શકાય એમ હોય છે જયારે અમુકનો ઇલાજ શક્ય નથી. સૌથી મોટો પ્રશ્ન જણાય તો આ પ્રશ્ન વિકરાટ રૂપ લઇને પ્રગટ થાય છે, અને સંસારમાં સુનામી ઊભો કરે છે...

બ્લડ ગ્રુપની સાથે કેન્સરનો ટેસ્ટ કરાવવો હિતાવહ છે. આનુવંશીકતાને કારણે આ શક્યતા રહેલી છે. ટેસ્ટ કરાવવાથી આની સ્પષ્ટતા થઇ જાય છે... અમુક રોગ લાંબા સમય સુધી ઘર કરી જાય છે. એમાં હૃદયરોગ, યકૃત, મુત્રપિંડ, હાઇ બ્લડપ્રેશરક, ડાયબિટીસ જેવા રોગ લાંબો સમય રહે છે. આનો લાઇફ પાર્ટનર દ્વારા સહજ સ્વીકાર કરી એનો ઉપચાર કરી શકાય છે... આ બધાંની તપાસણી બ્લડ, યુરિન અને સોનોગ્રાફી ટેસ્ટ દ્વારા થઇ જાય છે.



એચ.આઇ.વી., એસ.ટી.ડી., હિપેટાઇટીસ બી, હર્પિઝ જેવા રોગ પણ બ્લડ ટેસ્ટમાં પકડાય છે. અમુકની દવા શોધાઇ છે તો અમુક માટે લટકતી તલવાર છે... અમુક કેસમાં બહારથી સામાન્ય દેખાતી વર-વધુની માનસિક અવસ્થા ડામાડોળ હોય છે. ડિપ્રેશન, મૂડ ડિસઓર્ડર, પર્સનાલિટી ડિસઓર્ડર, આબેસિવ પર્સનાલિટી ડિસઓર્ડર, ગુસ્સા પરનું અનિયંત્રણ જેવા માનસિક રોગથી પિડાતા જોડીદાર સાથે જીવન જીવવામાં ઘણી તકલીફો સહન કરવી પડે છે. સાદા સાયકોમેટ્રીક ટેસ્ટ વડે આનો માર્ગ મળી રહે છે.

વ્યસન એ આજના યુગનો સૌથી સળગતો પ્રશ્ન, દારૂ, સિગારેટ, ગુટખા, જુગાર, સટ્ટો, નેટ સર્ફિંગ, મોબાઇલ ચેટીંગ, નાઇટ લાઇફ એડિકશન, ડ્રગ્સ વગેરે જીવનમાં ગંભીર સમસ્યાઓ સર્જે છે. એટલે આપણાં લાઇફ પાર્ટનરને કોઇ લત નથી ને? જોઇ લેવું અને હોય તો એનો તાત્કાલિક ઉપાય કરવો. લૈંગિક દુર્બળતા કે નપુંસકતા એ બંને પક્ષે હોઇ શકે છે. ગાયનેક ડૉકટર આનું નિદાન અને ઉપચાર બંને કરી શકે છે...

હવે ખબર પડી કે લગ્ન પહેલાની આ સપ્તપદી જેવા સાતેક ટેસ્ટ કરાવી લો તો આવનારી જિંદગી એકદમ પરફેક્ટ રહેવાની ગેરંટી, પછી ભૂદેવ બોલશે 'શુભ મંગલ સાવધાન...'

**ચૂંટલો :**

લગ્ન જેવી મેગા ઇવેન્ટની ભવ્ય તૈયારી અને ઝાકમઝોળમાં શારીરિક ક્ષમતા માટેના મહત્ત્વના ટેસ્ટ કરાવી લઇએ તો આવનારી જનરેશન માટે નિરોગી સાબિત થવાય, બાકી તકલીફો સાથેય સંસાર તો બધાં ચલાવે જ છે ને?

# કયારેક કયારેક બાળપણની દબાયેલી કોમલ ભાવનાઓ, લાગણીઓ પછીથી ઉગ્ર રૂપ ધારણ કરી લેતી હોય છે, અને અતિ સંવેદનશીલ બાળકો વયસ્ક થતાં તે તેમના વ્યક્તિત્વને જટીલ બનાવી દે છે, તે દિવસે મારી સ્થિતિ પણ કંઇક એવી જ હતી

## નવાં કલેવર

- નટવર હેડાઉ

**(ગતાંકથી આગળ...)**

મને આજે પણ યાદ છે... પંદર તારીખે અમારે ફ્રિ જે રહેલો. તે દિવસે વહેલા સ્કૂલમાંથી છૂટતા, તેથી અમારી સાથેના છોકરાઓ અરસપરસ મળીને ક્રિકેટ રમતા, એક વાર મિત્રોએ જીદ કરતાં હું રોકાઇ ગયો અને મારા કલાસ તરફથી હું પણ ક્રિકેટ મેચ રમ્યો. મેચ મોડેથી પુરી થવાના કારણે મારે ઘેર આવવામાં મોડું થયું. બીકને લીધે હું પહેરીવાર બા સામે જુઠું બોલ્યો, પણ માંની નજરમાં જુઠ છુપાવી શકાય ખરું? તેણે મારી આંખોમાં વાંચી લીધું અને ગુસ્સાથી મારા ગાલ પર થપ્પડ મારી. તેમાં મારી ભૂલ એ હતી કે હું કલાસના સાધારણ છોકરાઓ સાથે રમતવા માટે બા સામે જુઠું બોલ્યો. અને એ વાત ભૂલી ગયો કે હું વિશિષ્ટ કુટુંબનો બાળક છું. માટે કલાસમાં સૌથી અગ્રેસર રહેવાનું છે.

યાદોના અંકોડામાં પરસ્પર જોડાવા લાગ્યા. અને મને એ દિવસો યાદ આવ્યા. જયારે હું કૉલેજમાં ભણતો હતો. અને મારા સૌ મિત્રોમાં ચાહના ધરાવતો હતો. બાની સામે ડરપોક અને ગભરાયેલો રહેતો. પણ મિત્રોની નજરે એકદમ નટખટ, ચંચળ અને મહત્ત્વાકાંક્ષી હું હતો. આઝાદ પંખીની જેમ પેલે પાર જઇ શકું. પોતાના સુખ માટે નહીં પણ બીજાનાં દુઃખ અને તકલીફો દૂર કરવા હું એવો શક્તિશાળી બનવા માંગતો હતો કે અસહાય લોકોની સહાયતા કરી શકું. સ્ત્રીઓ પર થતા અત્યાચારો રોકી શકું. દિશાહીન હોય તેમનો માર્ગદર્શક બની શકું. અને સમાજમાં વ્યાપેલી બદીઓને દૂર કરી શકું. મારામાં તે વખતે આક્રોશ એવો હતો કે કયાંક પણ કંઇ ખોટું થતું દેખાય તો પરિણામની પરવા કર્યા વિના હું વચ્ચે કુદી પડતો. સ્વાભિમાની એટલો કે ભૂલ ન હોય તો માતાપિતા સામે પણ ઝૂકી શકતો ન હતો.

નાની ઉંમરે જયારે મને એક મોટી કંપનીમાં મેનેજરની પોસ્ટ મળી ત્યારે ઘરના સૌ કેટલા ખુશ થયેલા. બાની ખુશીનો તો કોઇ પાર નહોતો. ખુશી તેમની આંખેથી આંસુ બનીને છલકી રહી હતી. પોતાની અશ્રુભરી આંખે એ મારી સામાનની બ્રીફકેસ ભરતી હતી. અને વચ્ચે વચ્ચે મને સમજાવતી જતી હતી. હું તેની સામે બેઠો તેને જોયા કરતો હતો. પણ જયાં એ મારી સામે જૂએ કે તરત હું આજુબાજુ જોવા લાગતો હતો. તેનાથી દૂર જવાનું મને પણ મન ન હતું. મને એમ થતું હતુ કે બા ના ખોળામાં માથું મુકી ચુપચાપ આંસુ વહાવતો રહું. પણ હું જાણતો હતો કે જો એ મારી જાત પર કાબુ ગુમાવ્યો તો માંની ધીરજનો બંધ તૂટી જશે. કદાચ બા એ મને એ રીતે નજર બચાવતાં જોઇ લીધેલો. તેથી એ મારી પાસે આવી અને મારા હાથ પકડી મને સમજાવતા બોલી. પરદેશમાં બધા પર આંખ મીંચીને વિશ્વાસ ન કરતો. તારું ખાવાપીવાનું ધ્યાન રાખજે. મેં તારા માટે અથાણું પુરી અને લાડુ રાખ્યા છે. મિત્રોને જ વહેંચતો નહીં, તું પણ ખાજે' રડી રડીને તેની આંખો લાલ થઇ ગઇ હતી.

કયારેક કયારેક બાળપણની દબાયેલી કોમલ ભાવનાઓ, લાગણીઓ પછીથી ઉગ્ર રૂપ ધારણ કરી લેતી હોય છે, અને અતિ સંવેદનશીલ બાળકો વયસ્ક થતાં તે તેમના વ્યક્તિત્વને જટીલ બનાવી દે છે. તે દિવસે મારી સ્થિતિ પણ કંઇક એવી જ હતી.

વાત એ સમયની છે જયારે હું લગ્ન પછી મારી પત્નીને પહેલીવાર સાથે લઇને આવેલો. તે દિવસે હું ખુબ જ પરેશાન હતો. પણ મારી પરેશાનીનું કારણ શું છે તે હું સમજી શકતો ન હતો. એક અલગ પ્રકારની બેચેની અને પરેશાની એ મને ઘેરી લીધો હતો. હું તેનાથી છૂટવા માંગતો હતો. અનાયાસ હું ઊભો થયો અને મૌલીને કંઇ પણ કહ્યા વિના ઝડપભેર પગલે લક્ષ્યહીનની જેમ ચાલી નીકળ્યો. બહુ દૂર એમ જ ચાલતો રહ્યો. નિરૂદેશે અને દિશાહીન...

મારી અંદર એક અંતઃદ્વંદ્વ ચાલી રહ્યો હતો કે ઘરે પાછા જવું કે એમ જ ચાલતા રહેવું, જયાં સુધી થાકી ને લોથ ન થઇ જાઉં. ઘણીવાર મારી મનઃસ્થિતિ એવી થઇ જતી હતી. અને મને એવું લાગતું હતું કે લગ્ન પછી પણ તેમાં કોઇ ફેર પડ્યો નથી. પરંતુ મને એ સમજાતું નહોતું કે મારી મુશ્કેલીનું કારણ હું પોતે જાણી શકતો નહોતો, તો પછી મારી એંજિલને શું બતાવું.

હું પ્રેમથી મૌલીને એંજિલ કહેતો હતો, કેમ કે મને એમ લાગતું કે જેવી એ છે એવું કોઇ માણસ તો હોઇ જ ન શકે. તેણે કોઇ પણ જાતની અપેક્ષા વિના હંમેશા મને સુખ ભર્યું જીવન આપ્યું. એટલું જ નહીં પણ મારી કલ્પનાઓને પણ સાકાર કરી. એ જ કારણે તેનાથી વિખૂટા પડવાની કલ્પના પણ મને મૌતના સંદેશા જેવી લાગતી હતી. હું જીવવા માંગતો હતો મારી એંજિલને માટે અને એવું બધું જ કરવા માંગતો હતો. જેનાથી તે ખુશ રહે. એ જયારે પણ મારા પડખામાં હોય તો એ કોઇ બીજી જ દુનિયામાં ખોવાયેલી દેખાતી હતી.

એક દિવસ જયારે એ મારા ખભા પર માથું મુકીને બેઠી પોતાની મખમલી આંગળીઓ મારા છાતીના વાળમાં ફેરવવા લાગી અને હું... હા એમ કરતી વાતો સાંભળતી હતી. ત્યારે મેં તેને પુછ્યું, 'મૌલી જો હું કયાંક જતો રહું તો પણ તું મને એટલો જ પ્રેમ કરે...' 'ના, ત્યારે તો એથી પણ વધુ કરીશ, કેમ ખબર છે?' 'ના' 'અરે બુદ્ધુ! ત્યારે તમે મને ધમકાવશો નહીં ને, તેથી' તેણે આંખો મટકાવતા મને કહ્યું, અને હું કંઇ વધુ કહેવા જાઉં તે પહેલાં એ મારી છાતીમાં માથું છુપાવીને મને ચુમવા લાગી. તેની આવી પ્રેમાળ શરારત મને દિવાનો કરતી હતી.

'સારું, મને તમે એક વાત સમજાવો. તમે કઇ રીતે જાણશો કે પ્રેમ વધ્યો છે કે ઘટ્યો છે. શું તમે માપીતોલીને પ્રેમ કરો છો? વાસ્તવમાં એ જાણવું કેટલું મુશ્કેલ છે કે તે મને વધારે પ્રેમ કરે છે કે હું તેને, તેણે મને નિરૂત્તર કરી દીધો.'

પણ તે દિવસે કોણ જાણે કેમ મને વારંવાર એવું લાગતું હતું જાણે મને કોઇ કહી રહ્યું છે કે તારે બીજું પણ કંઇક કરવું જોઇએ. આ સિવાય બીજું ઘણું. જાણે કે કોઇ કામ મને સોંપવામાં આવેલું હતું. આ ધરતી પર આવ્યાં પહેલાં. જે હજુ સુધી તું કરી શક્યો નથી. મારી આખી રાત એ ગડમથલમાં અને અંતઃદ્વંદ્વમાં વીતી ગઇ. કેમ કે મેં હજું સુધી મૌલીને કહ્યું ન હતું કે મને એક અમેરીકન કંપનીએ એપોઇન્ટમેન્ટ લેટર મોકલ્યો છે. જયાં મારે એકલા ને જ જવું પડશે.

આજની સવાર મારે માટે ખુશી અને ગમ બંને સાથે લઇ આવી હતી. કેમ કે એક તરફ બાનું ચિરસંચિત સપનું અને મારી મહત્ત્વાકાંક્ષાઓ હતી. અને બીજી તરફ મૌલીનો અણમોલ પ્રેમ. હું ખુશ એ વાતો હતો કે મેં માનું સપનું સાકાર કર્યું હતું અને દુઃખ એ વાતનું હતું કે મારે થોડો સમય મૌલીથી દૂર રહેવું પડશે. હવે એ સમય આવી ગયો હતો. જયારે મારે નિર્ણય લેવાનો હતો કે હું માંની અભિલાષા પુરી કરવા અમેરીકા જાઉં કે અહીં જ રોકાઇ જાઉં, અને મૌલીએ માંગ્યા વિના જ તેનો પાલવ ખુશીઓથી ભરી દઉં.

- vanvihari@gmail.com

# ટાઈમ એન્ડ સ્પેસ : એકમેકને આપવા જેવી પ્રાઈસલેસ ગિફ્ટ

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

હોલિવૂડની ફિલ્મોની સુપ્રસિદ્ધ અભિનેત્રી એન્જેલિના જોલી (જન્મ-૧૯૭૫) ૩૯ વર્ષની છે. પોતાના ત્રીજા પતિ અભિનેતા બ્રાડ પિટ સાથે અમેરિકામાં રહે છે. ફોર્બ્સ મેગેઝિન પ્રમાણે સને ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૩??? હોલિવૂડની ફિલ્મો માટે સૌથી વધુ મહેતાંણુ લેનારી અભિનેત્રી એન્જેલિના જોલીએ ડઝનબંધ બાળકો દુનિયાના જુદા જુદા ભાગમાંથી દત્તક લીધેલા છે. આ બાળકો માટે પણ તે પૂરતો સમય આપે જ છે.

તેનું કહેવું છે કે - આપણી પાસે સમય નથી એવી ખોટી ફરિયાદ કરીને આપણી જાતને જ ઘણી વાર છેતરતા હોઈએ છીએ. સામી વ્યક્તિ અથવા સાંભળનારી વ્યક્તિ સાચું માની લેશે, પરંતુ આપણા અંતરાત્માને ખબર હોય છે કે આપણી પાસે ખરેખર સમય છે જ. કારણ કે આપણી પ્રાયોરિટી માટે આપણી પાસે સમય હોય જ છે.

સાચી વાત છે. આપણી પ્રાયોરિટી માટે આપણી પાસે સમય રહેતો હોય છે. જયારે આપણે કોઈને સમય આપી શકતા નથી, ત્યારે એનો અર્થ એટલો જ થયો કે આપણે તેને પ્રાયોરિટી આપી રહ્યા નથી. પ્રાયોરિટી એટલે શું? ગમતું કામ અને ગમતી વ્યક્તિ એટલે આપણી પ્રાયોરિટી. જયારે આપણી પાસે કોઈ માટે થોડો પણ સમય નથી હોતો, તેનો અર્થ એટલો જ કે આપણે તેને સમય પણ નથી આપી રહ્યા એટલે કે તેને મહત્વ પણ આપી રહ્યા નથી. આમ આપણે તેને નજરઅંદાજ કરી રહ્યા છીએ, તેના અસ્તિત્વનો, તેની સાથેના સંબંધનો પણ ઈનકાર કરી રહ્યા છીએ.

આજના સમયમાં જો કોઈ પ્રિયજનને, ગમતી વ્યક્તિને આપવા જેવી પ્રાઈસલેસ ગિફ્ટ હોય તો એ બે બાબત છે (૧) ટાઈમ અને (૨) સ્પેસ. જે રીતે આપણા સ્વજનને આપણે પૂરતો સમય આપવો જ જોઈએ. પછી એ સ્વજન માત્ર પ્રિયજન કે જીવનસાથી યા મિત્ર જ નહી, સંતાન, સંબંધી અને મા-બાપ કે ભાઈ-બહેન પણ હોઈ શકે.

**આપણે આ તો ગમતી અને નજીકની વ્યક્તિને સમય નથી આપતા અથવા સ્પેસ પણ નથી આપતા, અથવા કોઇને નજરઅંદાજ કરવાની હદ સુધી સ્પેસ આપીને તેને એકલા પણ પાડી દઇએ છીએ, મુખ્ય મુદ્દો હુંફ અને લાગણીનો છે અને વાત રિલેશનશીપમાં બેલેન્સ જાળવવાની છે**

એવી જ બીજી પ્રાઈસલેસ ગિફ્ટ એટલે સ્પેસ આપવી. વ્યક્તિને સાવ અંગત પ્રાઈવસી પણ પુરી પાડવી જોઈએ. પ્રેમ, સ્નેહ અથવા લાગણી છે એવું દર્શાવવાના બહાને નજીકની વ્યક્તિની જાસુસી કરવાનું છોડી દેવું જોઈએ. જેમ કે (૧) ક્યાં છો? (૨) શું કરો છો? (૩) મોબાઈલ કેમ એન્ગેજ આવતો હતો? (૪) મોબાઈલ બંધ કેમ હતો? (૫) કેટલા વાગે ઓફિસથી નીકળશો? (૬) ઓફિસથી કેમ નીકળ્યા નથી? (૭) હજુ કેમ પહોંચ્યા નથી, કેમ વાર લાગી? (૮) ક્યાં જઈ રહ્યા છો? (૯) મીટિંગ છે તો કોની સાથે છે, કેટલા કલાક મીટિંગ ચાલશે? (૧૦) આજે રજા છે તો ઓફિસ કેમ જવાનું થયું? પહેલી નજરમાં તો આવા સવાલો સાવ સ્વાભાવિક લાગે અને કોઈ આપણી ચિંતા કરી રહ્યું હોય એવું જ લાગે.

આપણે યા તો ગમતી અને નજીકની વ્યક્તિને સમય નથી આપતા અથવા સ્પેસ પણ નથી આપતા. અથવા કોઈને નજરઅંદાજ કરવાની હદ સુધી સ્પેસ આપીને તેને એકલા પણ પાડી દઈએ છીએ. મુખ્ય મુદ્દો હુંફ અને લાગણીનો છે અને વાત રિલેશનશીપમાં બેલેન્સ જાળવવાની છે.

પ્રાથમિક શાળાની શિક્ષિકાએ કહેલો એક હૃદયસ્પર્શી પ્રસંગ છે. શાળામાં વિદ્યાર્થીઓને આપેલું ગૃહકાર્ય તપાસવા માટે શિક્ષિકા ગૃહકાર્યની નોટ્સ ઘરે લાવ્યાં હતાં. રાબેતા મુજબ તપાસીને ગુણ આપી રહ્યાં હતાં. એવામાં એક નોટ્સ પાસે તેમની નજર અટકી ગઈ. બધું વાંચીને આંખો ભીની થવા માંડી.

રાતનો સમય હતો. તેમનાં પતિ આરામ કરવાની સાથે મોબાઈલમાં કશુંક વાંચી રહ્યા હતા. તેમની નજર પડી કે પત્નીની આંખમાં આંસુ છે, તેમણે પત્નીને રડવાનું કારણ પૂછ્યું.

શિક્ષિકા પત્નીએ જવાબમાં કહ્યું કે - એક દિવસ પહેલા મેં વર્ગના વિદ્યાર્થીઓને ગૃહકાર્ય તરીકે - મારી સૌથી મોટી ઈચ્છા વિષય ઉપર નિબંધ લખવા આપ્યો હતો. એક વિદ્યાર્થીએ ભગવાનને સંબોધીને લખ્યું છે કે હે ભગવાન, મારી ઈચ્છા છે કે તમે મને મોબાઈલ બનાવી દો...

આ સાંભળીને તેમનાં પતિ હસી પડ્યા.

આથી શિક્ષિકા પત્નીએ કહ્યું કે - આગળ સાંભળો તો ખરા. આમાં હસવા જેવું કશું નથી. વિદ્યાર્થીએ લખ્યું છે કે - જો હું મોબાઈલ બની જાઉં તો ઘરમાં મારું એક ખાસ સ્થાન ઉભું થશે અને આખો પરિવાર મારી આજુબાજુ જ રહેશે. મને એક ઘડી પણ પોતાનાથી દૂર નહીં કરે. અરે, સૂતી વખતે પણ મને છાતી ઉપર રાખીને સૂઈ જશે. જયારે હું બોલીશ ત્યારે બધા જ મને ધ્યાનથી સાંભળશે. મને કોઈ રોક-ટોક નહીં કરે. મને કોઈ સામો સવાલ પણ નહીં કરે. હું મોબાઈલ બનીશ તો પપ્પા મને ઓફિસ તો સાથે લઈ જ જશે અને સાંજે ઓફિસથી ઘરે થાકીને આવ્યા હોય તો પણ મારી સાથે બેસીને રમ્યા કરશે. મમ્મી જયારે પણ ટેન્શનમાં હોય તેમ છતા મને વઢશે નહીં અને વળી મમ્મીનો મૂડ નહી હોય તો પણ તે મારી સાથે જ રહેવાનું અને મારી સાથે રમવાનું જ પસંદ કરશે. મારાથી મોટા ભાઈ અને બહેન પણ મને પોતાની પાસે રાખવા માટે અંદરોઅંદર મીઠો ઝગડો કર્યા કરશે. એટલે સુધી કે મોબાઈલ બંધ થઈ ગયો હશે તો પણ તેની એટલી જ સારસંભાળ રાખવામાં આવશે. મોબાઈલ બનીને હું આખરે તો પરિવારના સૌ લોકોને ખુશી અને આનંદ આપી શકીશ, એ જ મારા માટે સંતોષની વાત રહેશે. (પતિને ઉદ્દેશીને) બોલો, હવે આમાં તમને હસવા જેવું શું લાગ્યું?

આ સાંભળીને પતિ ભીના અવાજમાં એટલું જ બોલી શક્યા કે - હે, ભગવાન... બિચારો બાળક... આજકાલના મા-બાપ ભલે આધુનિક બન્યાં પરંતુ પોતાનાં સંતાન તરફ ધ્યાન આપવાનો જરા પણ સમય હોતો નથી. બહુ જ દુઃખની વાત કહેવાય.

શિક્ષિકા પત્નીએ આંખોમાં આંસુ સાથે પોતાના પતિને કહ્યું કે તમે જાણો છો કે આ બાળક કોણ છે? એના મા-બાપ કોણ છે? આપણા જ દીકરા મોન્ટુએ આ બધું લખ્યું છે.

આ સાંભળીને તો શિક્ષિકાનાં પતિ સાવ ચમકી જ ગયા. એમને પોતાની રહેણીકરણીના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અને એના કારણે પોતાની ભુલ પણ સમજાઈ. મોન્ટુ એ કદાચ તમારો દીકરો કે દીકરી પણ હોઈ શકે છે. આજની ફાસ્ટ લાઈફ અને સુખસુવિધાના તમામ સાધનો અને સગવડો બધાને ગમે છે. કોને ના ગમે? પરંતુ આધુનિકતા જો તમારી જિંદગી પાસેથી તમારો પ્રેમ, લાગણી, સંવેદના, પ્રમાણિકતા, વફાદારી, હૂંફ, સદભાવના છીનવી લેતી હોય તો એવી આધુનિકતાને છોડવી જ રહી.

(અનુસંધાન પાના નં.૬ પર)